# એ માણસ નથી પણ ફક્ત શ્વાન છે, જે મરતાં સુધી પણ વફાદાર છે!

સ્પંદન

નિરંજન યાજ્ઞિક

રમણલાલ હતા તો સાધારણ માણસ પણ એમની નોકરી પરત્વેની એમની નિષ્ઠા અને પત્ની તરફનો એમનો પ્રેમ ચીખલી ગામમાં વખણાતો હતો.

"આજે કેમ મોડું થયું ઘેર આવવામાં?'' એક દિવસ એમની પત્ની લીલાએ પૂછ્યું.

''આજે ટપાલ વધારે હતી," રમણલાલ બોલ્યા, "એટલે વહેંચવામાં વાર લાગી, થાક પણ લાગ્યો."

"મૂઈ તમારી ટપાલીની નોકરી," લીલા થોડી ખીજ સાથે બોલી, "હવે તો તમે રિટાયર્ડ થાવ તો પાર આવે."

''અરે," રમણલાલ હસ્યા, "વાર છે હજી રિટાયર્ડ થવાને. હજી તો મને પચાસ થવામાં પણ બે વરસ બાકી છે એટલે રિટાયર્ડ થવામાં દસ વરસ બાકી છે.''

"સારું," લીલા ઊભી થતાં બોલી, "તમે હાથપગ ધોઈ લો, હું થાળી પીરસું છું." લીલાએ થાળી પીરસી ને રમણલાલ જમવા બેઠા. આ તો આપણી ખાનદાની છે કે એને 'જમવા બેઠા' એમ કહીએ છીએ, બાકી રોટલી ને શાકમાં કૈં જમવા બેઠા ન કહેવાય!

લીલા બે રોટલી લઈને બહાર ગઈ. ઓટલા પાસે જ એક કાળી કૂતરી જાણે એની રાહ જોઈને જ ઊભી હતી. "મોતી," એમણે રોટલી મોતી માટે નિયત રાખેલા વાસણમાં મૂકતાં કહ્યું, "ખાઈ લે બેટા, ખાઈ લે."

લીલા અંદર ગઈ અને થાળી પીરસીને એણે ખાવાનું શરૂ કર્યું. રમણલાલનું ખાવાનું લગભગ પૂરું થવા આવ્યું હતું. "તને આ કાળી ઉપર બહુ પ્રેમ છે લીલા," રમણલાલે લીલા સામે જોઈને કહ્યું. ''બીજા કોના ઉપર પ્રેમ વરસાવવો?'' લીલાનો સાદ ભારે થયો, "ભગવાને આપણને સંતાન તો આપ્યું નથી અને આડોશ-પાડોશમાં પણ નાનું બાળક નથી એટલે મારું બધું વહાલ કાળી ઉપર જ ઢળે છે."

"સારું સારું," રમણલાલ બોલ્યા, "મને કશો વાંધો નથી, તું તારે નિરાંતે કાળીને ખવડાવ. આપણને બે રોટલીમાં કશી ખોટ જવાની નથી ને તને તો પુણ્ય મળશે.'' "તમનેય પુણ્ય મળશે," લીલા હસી, "તમે મને ના નથી પાડતા એટલે. અડધું પુણ્ય તમને ને અડધું પુણ્ય મને મળશે, જો મળતું હોય તો.''

લીલાનો સ્વભાવ માત્ર કાળી માટે જ સારો નહોતો, પાડોશમાં કે ગામમાં કોઈને તકલીફ હોય ને સેવાની જરૂર હોય તો લીલા પહોંચી જતી. ઘણી વાર તો એવું પણ બને કે, સવારના પહોરમાં લીલા કોઈની મદદમાં પહોંચી ગઈ હોય ને રમણલાલને હાથે ચા બનાવીને પી લેવી પડે. એ ચા પીને ખાખી કપડાં ચડાવીને એક હાથમાં થેલો ને બીજા હાથમાં નાની લાકડી લઈને નીકળી પડે ટપાલ ઓફિસે જવા.

લાકડી રાખવાનું કારણ એ હતું કે, ચીખલીમાં કૂતરાઓનો ત્રાસ બહુ હતો અને એમાંય પાછું રમણલાલના ખાખી કપડાં જોઈને કૂતરાઓને શૂરાતન ચડતું. રમણલાલ લાકડી બતાવતાં બતાવતાં ગામની શેરીઓમાં ટપાલ વહેંચવા ફરતા રહેતા.

રહેવાનું એમનું રામનગર સોસાયટી રોડ પર આવેલી ગજાનન પાર્ક સોસાયટીમાં, ત્યાંથી પોષ્ટઓફિસ દૂર નહોતી એટલે રમણલાલને તકલીફ નહોતી પડતી કે નહોતી એમણે સાઈકલ વસાવી.

પગાર ઓછો હતો પણ એમાંય લીલા કરકસર કરી કરીને મહિના આખરે થોડીઘણી બચત તો કરતી જ.

''લીલા," એક દિવસ રમણલાલે કહ્યું, "તું શા માટે પૈસા બચાવે છે? તું મહેનત કરી કરીને પાઈ પાઈ બચાવે છે એ હું જાણું છું પણ આપણે બચત કોના માટે કરવાની છે? ભગવાનનું તેડું ક્યારે આવશે એ નક્કી નથી, તું તારા શોખ પૂરા કર ને. પરણ્યા પછી તેં એકેય વસ્તુ કે કપડાં કે ઘરેણું લેવા જીદ નથી કરી એ હું જાણું છું. હવે એવું કૈંક લે તો મને ગમે."

''બચત હું કોઈ બીજાના માટે નથી કરતી," લીલા બોલી, "આપણા માટે જ કરું છું. આપણે હવે ઉંમરલાયક થયા. માંદગી આવવાનો સમય હવે શરૂ થશે અને માંદગી વખતે આપણી પાસે પૈસા હોય તો કોઈની પાસે હાથ લાંબો ન કરવો પડે, સમજ્યા ?''

"એ તારી વાત સાચી છે," રમણલાલ બોલ્યા, "પણ કૈંક સારી સાડી કે એવું કશુંક તો લે."

"હવે શું લે?'' લીલાએ હાસ્યમાં ઝબોળીને શબ્દો ઉચ્ચાર્યા, "હું કંઈ નાની નથી. લગભગ તમારા જેવડી જ છું. માથેય હવે ધોળા દેખાણા છે, હવે શોખ આવતા ભવમાં કરીશું.'' "તને સમજાવવી એટલે ભગવાનને સમજાવવા," રમણલાલ બોલ્યા, "સારું, તને ઠીક લાગે એમ કરજે, બસ?"

"બસ," લીલા બોલી, "કાલે તો શીરો બનાવવો છે."

"કેમ શીરો બનાવવો છે?'' રમણલાલ બોલ્યા, "મારો કે તારો જન્મદિવસ તો નથી."

"અમથા," લીલા બોલી, "કાળીને આટલા વખતથી એકલી રોટલી જ ખવડાવું છું તો કાલે એને થોડો શીરો ખવડાવું, બિચારી રાજી થશે."

"હે ભગવાન," રમણલાલ બોલ્યા, "સારું, બનાવજે પણ કાળીની જોડે મને પણ થોડોક આપજે."

"તમે કેવી વાત કરો છો," લીલા બોલી, "હું આપણાં બન્ને માટે જ બનાવું છું ને થોડો વધારે બનાવીશ એ કાળી માટે હશે, સમજ્યા? હવે સૂઈ જાવ છાનામાના. સવારે વહેલા ઊઠીને નોકરીએ જવાનું છે." એ રાત્રે કોણ જાણે કેમ, લીલાને મોડે સુધી ઊંઘ ન આવી. સવારે એણે જાગીને રમણલાલ માટે ચા બનાવી ને રમણલાલ ગયા એ પછી એ રસોઈના કામે વળગી. એણે સૌથી પહેલા તો શીરો બનાવ્યો ને કાળીને બોલાવીને એને ખવડાવ્યો. કાળીની આંખના ભાવમાં એને આનંદની અનુભૂતિ લાગી. રમણલાલ આવ્યા એટલે એણે બન્નેની થાળી પીરસી. રમણલાલે ખાવાનું શરૂ કર્યું. એમણે લગભગ ખાવાનું પૂરું કર્યું, ત્યાં અચાનક જ લીલા ખાતાં ખાતાં જ ઢળી પડી. રમણલાલ ગભરાઈ ગયા. એ લીલાને ઊભી કરવા ગયા, પણ એમના એકલાથી એ શક્ય બને એમ નહોતું એટલે એમણે બૂમ પાડીને પાડોશીઓને બોલાવ્યા.

એમની બૂમ સાંભળીને ચાર-પાંચ પાડોશીઓ દોડી આવ્યા. એમણે તરત જ લીલાને ઊંચકીને બાજુના રૂમમાં પલંગ પર સૂવડાવી. મોં પર પાણી છાંટ્યું પણ લીલા બેભાન અવસ્થામાં જ હતી.

એક પાડોશીએ તરત જ ડૉક્ટરને ફોન કર્યો. ડૉક્ટર આવે એ પહેલાં તો સોસાયટીની પાંચ-છ મહિલાઓ મદદ માટે આવી ગઈ. ડૉક્ટર આવ્યા. એમણે સ્થેટેસ્કોપ મૂક્યું, આંખમાં ટોર્ચનું અજવાળું ફેંક્યું, નાડી તપાસી ને અંતે એમણે રમણલાલ સામે જોયું.

''રમણલાલ," ડૉક્ટર બોલ્યા, "લીલાબહેન હવે આ દુનિયામાં નથી. એ અવસાન પામ્યા છે.''

રમણલાલ સ્તબ્ધ થઈ ગયા. એ ભાંગી પડયા ને ટૂંટિયું વાળીને નીચે બેસી પડ્યા. એક-બે પાડોશીઓ એમને સાંત્વના આપવામાં પડ્યા, ને બીજા પાડોશીઓ લીલાની અંતિમયાત્રાની તૈયારીમાં પડ્યા.

લીલાની સ્મશાનયાત્રા નીકળી ત્યારે કાળી છેક સ્મશાન સુધી બધાની સાથે સાથે જ ચાલી. અગ્નિદાહ પછી જ એ પાછી ઘેર આવી.

બીજા દિવસે સવારના પાડોશીને ત્યાંથી ખાવાનું આવ્યું. ખાવાનું શરૂ કરતાં પહેલાં રમણલાલને કાળી યાદ આવી. એ ઊભા થયા ને બે રોટલી લઈને એમણે કાળી માટે રાખેલા વાસણમાં મૂકી. કાળી દોડતી આવી. એણે થોડી વાર રમણલાલ સામે જોયું, પછી રોટલી ખાઈને પાછી જતી રહી.




**આ તો જિંદગીનું નાટક છે. ક્યારે નાટકનો પડદો પડે એ નક્કી નથી પણ એક વાત યાદ રાખજો, મારું અવસાન થાય, એ પછી મારી બચત જે મારા ઘરમાં છે, એ આવા પ્રાણીઓ માટે વાપરવાનું ગોઠવજો ને મારી સ્મશાનયાત્રા પોષ્ટઓફિસ પાસેથી જ કાઢજો**

રમણલાલને લાગ્યું કે લીલાને કાળી તરફ માયા હતી એ જાળવી રાખવી જોઈએ. બે-ચાર દિવસ પછી એમણે ટિફિન બંધાવી દીધું ને પાડોશીઓને ખાવાનું આપવાની ના પાડી દીધી. ક્યારેક તો એ પોતે પણ ખાવાનું બનાવી લેતા. કાળીને તો રોજ બે રોટલી સવાર-સાંજ આપતા જ. લીલાની ઉત્તરક્રિયા આવી ને એ વખતે રમણલાલે લીલાની ખાનગી બચત જોઈ. એ આશ્ચર્ય પામ્યા - લીલાએ પંચોતેર હજાર રૂપિયા બચાવીને રાખ્યા હતા! પૈસા લેતી વખતે રમણલાલની આંખમાંથી આંસુ સરી પડ્યાં. ઉત્તરક્રિયાનો ખર્ચ કાઢતાંય ઘણી રકમ વધી. હવે રમણલાલને નવો વિચાર આવ્યો - પોતે ટિફિનવાળી પાસે વધારે રોટલી રાત્રે બનાવડાવી રાખે, ને સવારે થેલીમાં સાથે લઈને જાય ને રસ્તાના કૂતરાઓને નાખતા જાય, તો કેટલું સારું! લીલાના આત્માને પણ શાંતિ પહોંચશે. એમણે બીજા જ દિવસથી આ કાર્યક્રમ શરૂ કરી દીધો. રોજ એ બે થેલા લઈને પોષ્ટઓફિસ જવા નીકળતા. એક થેલો ટપાલનો ને બીજા થેલામાં રોટલીઓ. રસ્તામાં લગભગ વીસ-પચીસ કૂતરાઓ એમને મળી જતા ને રમણલાલ એમને રોટલી ખવડાવતા. એ જ વરસે રમણલાલને પ્રમોશન મળ્યું. હવે એ એ જ પોષ્ટઓફિસના બ્રાન્ચ મેનેજર બન્યા. હવે ટપાલ આપવા જવાનું નહોતું એટલે રોટલી કઈ રીતે કૂતરાઓને ખવડાવવી એના વિચારમાં એ પડ્યા.

જો કે એ હવે રોટલીનો થેલો લઈને નીકળતા ને પોષ્ટઓફિસ સુધીના રસ્તામાં જેટલા કૂતરાઓ મળતા, એ બધાને એ રોટલી ખવડાવતા.

"રમણલાલ," એક વાર એમના પાડોશી રમેશભાઈએ કહ્યું, "તમે આમ રોજ શા માટે કૂતરાઓને રોટલી ખવડાવો છો?" "રમેશભાઈ," રમણલાલ બોલ્યા, "અમારે કોઈ સંતાન નથી, હવે કોના માટે ભેગું કરવાનું છે? એ ઘણા પૈસા મૂકતી ગઈ છે ને હવે મારો પગાર પણ સારો છે. બીજે પૈસા વાપરવા કરતાં આ અબોલ પ્રાણીઓને ખવડાવીએ, તો ઈશ્વર રાજી રહે ને લીલાના આત્માને પણ શાંતિ મળે.'' "વાત તો તમારી સાચી છે હો રમણભાઈ," કહીને રમેશભાઈ ગયા.

સમય પસાર થતો ગયો. દિવસો, મહિનાઓ ને વરસો પસાર થયાં પણ રમણભાઈનો ક્રમ જળવાઈ રહ્યો. હવે તો કૂતરાઓ એ નીકળે ત્યારે લાઈનસર તૈયાર જ બેઠા હોય!

આખરે, એક દિવસ રમણલાલ રિટાયર્ડ થયા.

એ ઘેર આવ્યા. હવે પોષ્ટઓફિસ તો જવાનો નહોતું. કૂતરાઓનું હવે શું થશે એ વિચાર એમને આવ્યો. જો કે બીજા દિવસથી એ રોટલીનો થેલો લઈને પોષ્ટઓફિસ સુધી જતા ને ખાલી થેલો લઈને પાછા આવતા. એ નિમિત્તે એમનો સમય પણ પસાર થતો. ''અલ્યા રમણલાલ," ફરી એક વાર રમેશભાઈએ એમને કહ્યું, "હવે તો તમે રિટાયર્ડ થયા, હવે શા માટે રોટલી નાખવા જાવ છો ભાઈ?" "અરે રમેશભાઈ," રમણલાલ બોલ્યા, "એ બહાને મારો પગ છૂટો થાય છે ને કૂતરાઓની ભૂખ મટે છે, બીજું તો શું? હવે ક્યાં લાંબુ ખેંચવાનું છે મારે? જીવું છું ત્યાં લગી તો કૂતરાઓની સેવા કરું." "અરે વાહ," રમેશભાઈ બોલ્યા, "ખરી તમારી મહેનત." "આ તો જિંદગીનું નાટક છે રમેશભાઈ," રમણલાલ બોલ્યા, "ક્યારે નાટકનો પડદો પડે એ નક્કી નથી પણ એક વાત યાદ રાખજો, મારું અવસાન થાય, એ પછી મારી બચત જે મારા ઘરમાં છે, એ આવા પ્રાણીઓ માટે વાપરવાનું ગોઠવજો ને મારી સ્મશાનયાત્રા પોષ્ટઓફિસ પાસેથી જ કાઢજો. આટલું યાદ રહેશે ને?" "શું તમેય રમણકાકા મશ્કરી કરો છો?" રમેશભાઈ બોલ્યા, "તમે એમ ઓછા જવાના છો ? ચિંતા ન કરો." રમણલાલ પોષ્ટઓફિસ સુધી જતા ને ક્યારેક પોષ્ટઓફિસના ઓટલા પર થોડી વાર બેસતા પણ ખરા. "રમણકાકા," એક દિવસ પોષ્ટમેન હરિએ એમને કહ્યું, "તમે શા માટે આવી દોડાદોડી કરો છો? મને કહો તો હું સવારના તમારા ઘેરથી રોટલી લઈને સવારના ટપાલ આપવા નીકળીશ, બોલો, કાલથી આવું?" "આભાર ભાઈ હરિ," રમણલાલ બોલ્યા, "પણ પુણ્યનું કામ થાય ત્યાં સુધી મારા હાથે જ કરવાની મારી ઈચ્છા છે, હું નહીં હોઉં, એ પછી મારી સોસાયટીવાળા રમેશભાઈને મેં કહ્યું છે, એ પૈસા આપે એમાંથી રોટલી બનાવડાવીને તમે કૂતરાઓને ખવડાવજો. કરશોને આટલું કામ?'' ''અરે કાકા," હરિ બોલ્યા, "ચોક્કસ કરીશ, તમે ચિંતા ન કરો." હવે રમણલાલને કોઈ ચિંતા ન હતી. એમણે રમેશભાઈને પણ કહ્યું કે ટપાલી હરિ કૂતરાઓને રોટલી ખવડાવશે તો તમે એને મદદરૂપ થજો.

લગભગ સાડા આઠ વાગ્યે કચરાપોતા કરવાવાળી આવી ત્યારે બધાને ખબર પડી કે, રમણલાલ રાત્રે ઊંઘમાં જ અવસાન પામ્યા છે ! આખી સોસાયટી ભેગી થઈ ગઈ. રમેશભાઈએ આગેવાની લીધી ને અંતિમયાત્રાની તૈયારી થઈ ગઈ. પોષ્ટઓફિસનો સ્ટાફ પણ આવી ગયો. "આપણે પોષ્ટઓફિસ પાસેથી જ નીકળવાનું છે," રમેશભાઈએ બધાને કહ્યું ને સ્મશાનયાત્રા નીકળી. રસ્તામાં ઊભેલા કૂતરાઓને કોણ જાણે કેમ, ગંધ આવી ગઈ. લગભગ વીસેક કૂતરાઓ છેક સ્મશાન સુધી આવ્યા! અગ્નિદાહ પૂરો થયો, ત્યાં સુધી એક પણ કૂતરું ત્યાંથી ખસ્યું નહીં! રમેશભાઈને રમણલાલના શબ્દો યાદ આવ્યા ને એમની આંખો ભીની થઈ ગઈ!

(શીર્ષકપંક્તિઃ દેવેન્દ્ર જોશી)